**ફોજદારી કેસ નં.૩૬૨/૨૦૨૨, એન.આઈ.એક્ટની કલમ ૧૩૮ મુજબના ગુનાના આરોપી દેવેન્દ્રભાઈ પી. પટેલ રહે. પટેલ ફળીયા, સારંગપુર તા.અંકલેશ્વર જી.ભરૂચવાળાની જામીન અરજી લગત હુકમ:-**

---

1. હાલની જામીન અરજી વંચાણે લીધેલ છે તથા કેસ પેપર્સ વંચાણે લીધેલ છે. હાલની જામીન અરજી અન્વયે આરોપીના વી.વ.શ્રીને તથા ફરિયાદના વી.વ.શ્રીને સાંભળ્યા.

2. હાલની અરજી પરત્વે આરોપીના વી.વ.શ્રી.નાઓ દ્વારા મૌખિક દલીલો કરી રજુઆત કરેલ છે કે, આરોપીને મુદ્દતની જાણ ના હોય તથા કામ અર્થે બહાર ગામ રહેતા હોવાથી નામદાર કોર્ટ સમક્ષ હાજર રહી શકેલ ન હતા અને આરોપી વિરુદ્ધ પકડ વોરંટ ઇસ્યુ કરવામાં આવેલ હતો. વધુમાં તેઓ દલીલ કરતા જણાવે છે કે આરોપી વેપાર કામ કરી તેમના પરિવારનું ગુજરાન ચલાવે છે અને આરોપી ક્યાંય નાસી ભાગી જાય તેવી વ્યક્તિ નથી. નામદાર કોર્ટ જે શરતો ફરમાવશે તે શરતોનું ચુસ્તપણે પાલન કરશે. નામદાર કોર્ટ જે રકમના જામીન રજૂ કરવાનો હુકમ કરશે તે મુજબના જામીન રજૂ કરવા તૈયાર છે. આરોપીને જામીન ઉપર મુક્ત કરવા વિનંતી કરેલ છે. જ્યારે ફરિયાદ પક્ષે હાલની જામીન અરજી મજુર કરવા સામે વાંધો નથી.

3. ઉભય પક્ષની દલીલો ધ્યાને લીધી તથા ક્રિમિનલ કેસ નં.૩૬૨/૨૦૨૨ ના કેસ પેપર્સ તથા કેસ રેકોર્ડ ધ્યાને લીધું. હાલના આરોપી ઉપરોક્ત કેસ માં ના.કોર્ટ સમક્ષ હાજર રહેતા ના હોઈ ના. કોર્ટ એ આરોપી વિરુદ્ધ પકડ વોરંટ કાઢેલ હતું જેની બજવણીના અનુસંધાને આરોપીને અટક કરીને અત્રેની કોર્ટ સમક્ષ રજૂ કરતા તેઓને પોલીસ અધિકારી વિરુદ્ધ કોઈ ફરિયાદ ન હોઈ તેઓને જ્યુડિશયલ કસ્ટડીમાં લેવાનો હુકમ કરેલ છે અને ત્યારબાદ આરોપી તરફે વી.વ.શ્રી હાજર થઈને આ અરજી કરેલ છે.

4. સમગ્ર હક્કીકત, કેસ પેપર્સ તથા કરવામાં આવેલ રજુવાતો ધ્યાને રાખતા, જામીન પાછળનું મુખ્ય આશય ટ્રાયલ દરમિયાન આરોપીની હાજરીને સિક્યોર કરવાનો છે. અરજદાર/આરોપીની રજૂઆત ધ્યાને લેતા હાલના અરજદાર/આરોપી પોતાના કુટુંબ કબિલા સાથે અંકલેશ્વર મુકામે વસવાટ કરે છે અને તેઓ ક્યાંય નાસી ભાગી જાય તેમ નથી, તેમજ આરોપીને લાંબા સમય સુધી કસ્ટડીમાં રાખવા માટેનું કોઈ વ્યાજબી કારણ જણાઈ આવતું નથી. જેથી બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૦ ની જોગવાઈને ધ્યાનમાં લેતા તથા આરોપી સામેના આક્ષેપિત ગુનાની હકીકતોને લક્ષમાં લેતા આરોપીને વધુ સમય માટે કસ્ટડીમાં રાખી જામીનમુક્ત કરવામાં નહીં આવે તો પ્રિ-ટ્રાયલ કનવીકશન ગણાય તેમ છે. જેથી અરજદાર/ આરોપીને હાલાકી ભોગવવાનો વારો આવે તેવી શક્યતા પણ નકારી શકાય નહીં. **"જામીન આપવા એ નિયમ છે અને જેલમાં રાખવા એ અપવાદ છે"** તેવા પ્રસ્થાપિત્ત સિદ્ધાંતને નેક લક્ષમાં લેતા હાલના કેસમાં જામીનમુક્તિ અંગેની વિવેકાધિન સત્તાનો ઉપયોગ અદાલતે કરવો જોઈએ. વધુમાં આરોપીને યોગ્ય શરતોને આધીન તથા યોગ્ય રકમના જામીન લઈ જામીન પર મુક્ત કરવામાં આવે તો તેઓની હાજરી કેસ કાર્યવાહી દરમિયાન સુરક્ષિત કરી શકાય તેમ હોય તે હકીકત લક્ષમાં લેતા

તથા ઉપરના તમામ સંજોગોને અને હકીકતને ધ્યાને લઈ આરોપીને જામીન ઉપર મુક્ત કરવા ન્યાયોચિત જણાતું હોય નીચે મુજબનું હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

આરોપીની હાલની જામીન અરજી મંજૂર કરવામાં આવે છે. આરોપીએ રૂ.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના સધ્ધર જામીન અને તેટલીજ રકમના જાત મુચરકા રજૂ કર્યેથી તેઓને જામીન ઉપર નીચેની શરતોને આધીન મુક્ત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો:</u>**

1. આરોપીએ તેમનું હાલનું તથા કાયમી રહેણાંકનું સરનામું આધાર પુરાવા સાથે તથા મોબાઈલ નંબરની વિગતો અત્રેની કોર્ટમાં રજૂ કરવી અને તેમાં અત્રેની કોર્ટની પરવાનગી વગર ફેરફાર કરવો નહિ.
2. આરોપીએ હવે પછીની દર તારીખે કોર્ટમાં નિયમિત રીતે હાજર રહેવું.

હુકમ આજ રોજ તારીખ ૦૧મી માહે જુલાઈ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા.૦૧/૦૭/૨૦૨૬
અંકલેશ્વર.

**(હિતેશકુમાર રમેશચંદ્ર પટેલ)**
અંકલેશ્વર, ભરૂચ
Judge Code: **GJ01731**